અનંત શાસ્ત્રં બહુલાશ્ચ વિદ્યા:
અલ્પશ્ચ કાલો બહુ વિઘ્નતા ચ ।
યત્સાર ભૂતં તદુપાસનીયં
હંસો યથા ક્ષીરમિવામ્બુમધ્યાત્ ॥

વેદ શાસ્ત્રો જ્ઞાનના સમુદ્ર સમાન છે. દુનિયામાં અનેક પ્રકારની વિદ્યાઓ છે. પણ મનુષ્યનું આયુષ્ય મર્યાદિત છે અને તેના રસ્તામાં અનેક મુશ્કેલીઓ આવે છે એટલે જ આ બધાં જ શાસ્ત્રોમાંથી સાર એવી રીતે ગ્રહણ કરવો જોઈએ જેવી રીતે હંસ પાણી ભળેલા દૂધમાંથી દૂધ પીને પાણી રહેવા દે છે.

(ચાણાક્ય નીતિ ૧૫/૧૦)

પ્રણવો ધનુ:શરોહ્યાત્મા બ્રહ્મ તલ્લક્ષ્યમૂચ્યતે ।
અપ્રમતેન બેદ્ધવ્યં શરવત્તન્મયો ભવેત્ ॥

ઉઁકાર એજ ધનુષ્ય, જીવાત્મા એ બાણ, બ્રહ્મ એ બાણનું લક્ષ્ય છે. માટે પ્રમાદ છોડી તેનું સંધાન અનન્ય ચિત્તથી જ કરો.

(મૂન્ડકોપનિષદ – ૨/૪)

સિદ્ધાસન

BHARAT SEVASHRAM SANGHA
ACHARYA SRIMAT SWAMY PRANAVANANDAJI
SHRI SHRI PRANAV MATH

ઓળખ

ॐ

શ્રી શ્રી પ્રણવમઠનું પ્રકાશન



આચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ

સંસ્થાપક : ભારત સેવાશ્રમ સંઘ

ભારતીયજનો ! ભૂલશો નહીં કે તમે ઋષિમુનિના વંશજો છો. તમારા ધર્મ અને તમારા સમાજનું સર્જન ઋષિમુનિઓના હસ્તે થયેલું છે અને તેનું સંચાલન ઋષિમુનિઓના નિર્દેશો મુજબ થતું રહે છે. જીવનના દરેક કાર્યો પણ તેમણે જ આંકી દીધેલ છે. ત્યાગ, સંયમ, સત્ય બ્રહ્મચર્ય એ તમારો સનાતન આદર્શ છે, જીવનનો મૂળ મંત્ર પણ છે. પ્રાણપણે તેને વળગી રહો કદાચ તમે પતન થશો તો પણ પુનરુત્થાન અવશ્યમ્ભાવિ છે. આ આદર્શના પાલનથી સામાજિક અને જાતીય જીવનમાં તેજ, ઓજશ વ્યાપશે અને ભારત પુનઃ સોનાનો ભારત બનશે અને બનશે જ.

- સ્વામી પ્રણવાનંદ